
# ઇતરા

સુરેશ જોષી



# ઇતરા

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ: કાવ્ય

સુરેશ હ. જોષી

ઇતરા Copyright © by સુરેશ હ. જોષી. All Rights Reserved.

# Contents


| | |
|---|---|
| મુખપૃષ્ઠ | vi |
| ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ | 1 |
| સર્જક-પરિચય | iv |
| ઇતરા | vi |
| અર્પણ | vii |
| સાંભળું છું કાન દઈ | 8 |
| અમાસના અન્ધકાર શી | 11 |
| હું ડૂબું છું | 12 |
| છેદ મૂકો! | 13 |
| તારી બે આંખોનો સૂર્ય | 15 |
| શહેરની ગલીઓમાં | 16 |
| કદાચ હું કાલે નહીં હોઉં | 17 |
| કોઈ ઘૂંટે છે ગરલ | 18 |
| હું તને આપું છું એકાન્ત – | 20 |

આજે હું તારા અન્ધકાર સાથે બોલીશ 22

આ આપણા પ્રેમની વદાયનું મુહૂર્ત 23

આ મધ્યાહ્નને 25

જાગીને જોઉં તો 32

ઓરડામાં દાખલ થતાંવેંત 33

આંખોને તે આવતી હશે પાંખ? 34


ઓ રે ભાઈ કવિ 36

એકદન્ત રાક્ષસનાં ખુલ્લાં જડબાં જેવું આ ઘર 38

મૃણાલ, મૃણાલ 40

# મુખપૃષ્ઠ

મુખપૃષ્ઠ



# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો 'વેચવાનો' આશય નથી, 'વહેંચવાનો' જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી 'ઉત્તમ-અને-રસપ્રદ'ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati

literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. ૩૦-૫-૧૯૨૦, અવ. ૬-૯-૧૯૮૬) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને 'ક્ષિતિજ' વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. 'ગૃહપ્રવેશ'(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. 'જનાન્તિકે'(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# ઇતરા

ઇતરા

**સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ: કાવ્ય**

સુરેશ હ. જોષી

સંકલન: શિરીષ પંચાલ

# અર્પણ

**પ્રિય રસિક તથા સૌ. કલાભાભીને**

'ગમે તો સ્વીકારે ગત સમય કેરાં સ્મરણમાં'

We all have our faults, mine is trying to write poems,

New scenery, someone I like, anything sets me off !

# સાંભળું છું કાન દઈ

સાંભળું છું કાન દઈ
આલાપસંલાપ કેરા આવર્ત બુદ્‌બુદે
અટ્ટહાસ્ય કલહાસ્યે
આછેતરો સરી જાય ઉષ્ણ કો ઉચ્છ્વાસ
શિથિલ ચરણ જાણે ગ્રીષ્મનો નિ:શ્વાસ
દૂરે દૂરે દિયે દેખા
વૈશાખની તટપ્રાન્તશાયી જલરેખા
અશ્રુબાષ્પલેખા
ધાન્યહીન ખેતરોમાં રઝળતો સૂનો અવકાશ
જાગી ઊઠે કોઈકના આગમન તણી આશ.
*
બારી પાસે ઊભી છે આ દાડમડી
લાલ લાલ ફૂલે મઢી
સ્વર્ગતણી અપ્સરાનાં ચોરી લાવી કર્ણપૂર
આતપ આસવ પાને બની ચકચૂર
પણે ઊર્ધ્વ શાખા થકી
શિરીષની ક્ષીણ ગન્ધ આવે વહી
તળાવના સ્થિર જળે
સ્મરણોની રેખા આંકે જરઠ સ્થવિર વટ.

*

આકાશે પ્રખર સૂર્ય
વિજયી સમ્રાટ તણું બજે તૂર્ય?
દૂર ક્યાંક બજી ઊઠે કોની અરે ખંજરી
ચંચલ ચકિત ચિત્તે મ્હોરી ઊઠે મંજરી.
આદિ વનસ્પતિ તણો મર્મર કિલ્લોલ
રક્તે જગાવે છે કશો ઉન્મત્ત હિલ્લોલ
જલનો શીતલ સ્પર્શ
જીવનના પ્રથમ કમ્પન તણો હર્ષ
ગ્રીષ્મની આ મધ્યાહ્ન વેળાએ
મારું મૃત્તિકાનું પાત્ર આ શા રસે છલકાએ?
*
નજીકથી કોઈના ચાલ્યા ગયા તણો ભાસ
હવા મહીં આ તે કોના ઉત્તરીય તણી વાસ –
મીટ માંડું બારી બહાર
રૌદ્ર, દીપ્ત શૂન્યનો પ્રસાર
પુરાતન કો અશ્વત્થ નીચે
કોઈ બજાવે છે
કાળતણી બંસરીને
એના મૃત્યુ છિદ્રે
ફુત્કારે છે પ્રાણનો પ્રબળ પ્રચ્છ્વાસ
આશ્વિનનો સુવર્ણ પ્રકાશ
શરણાઈ પર છેડે લલિત બિભાસ
શસ્યશીર્ષે પવનની અંગુલિ
છેડે કશી સૂરાવલિ.
*
વિશ્વછન્દ તણો ભંગ
શીર્ણ ને વિશીર્ણ કરે અંગે અંગ

હિરોશિમા નાગાસાકી
કહો, કશું રહ્યું બાકી?
અસૂર્ય આ લોક
કોણ કરે કોનો શોક?
માનવોનો મેળો
નિશ્ચિહ્ન સૌ ચહેરાઓનો નર્યો સરવાળો.
દશકે દશકે આતતાયી
આવી એને કરે ધરાશાયી
પૃથિવી આ અન્ધ છે ગાન્ધારી
પાટા છોડી જુએ મહામારી.
નીરન્ધ્ર આ અન્ધકારે
નાગિણીના વિષાક્ત ફુત્કારે
ગીતોતણું કોણ હવે બજાવશે મહુવર?
ટહુકી ઊઠશે ફરી કોકિલ પંચમ સ્વર?
ક્યાં છે રવિ?
ક્યાં છે કવિ?
*
પણે નદી તીરે
કાશની ચામર ઝૂલે.

મે: 1961

# અમાસના અન્ધકાર શી

અમાસના અન્ધકાર શી તસતસતી તારી કાયા,
તારા સ્પર્શમાં ઝાકળની સુખદ શીતળ ભંગુરતા;
તારા મૌનમાં શ્રાવણની આછી ઝરમર,
તારી વાણીમાં ગાઢા વનના અડાબીડ.
વૃક્ષોની શાખાઓનો નીરન્ધ્ર આશ્લેષ;
તારા મસ્તકનો મારા ખભા પર પારિજાતનો ઢગલો,
બંધ અધરોષ્ઠના અન્ધકારમાં ઓગળતા,
પ્રતિપદાના ચન્દ્રની હિમલેખા;
તારી પક્ષ્મછાયામાં હજાર રાક્ષસો;
તારા કેશકલાપમાં લાખ લાખ પાતાળ,
તારી આંખમાં જળપરીનો બિલોરી મહેલ,
તું
કરોડો પ્રવાલદ્વીપ તારા અસ્થિમાં,
તું પ્રલય
તેથી જ તો તને ઝંખું,
પ્રલયથી સહેજે ય ઊણું મને કશું ન ખપે.

જુલાઈ: 1961

# હું ડૂબું છું

હું ડૂબું છું
ઉન્નિદ્ર નયનોની સ્નેહહીન શુષ્ક ઉષરતાના પાતાળમાં,
નિઃશ્વાસથી ધસી પડેલી શબ્દોની ભેખડોના ભંગારમાં;
ખરી જતાં ગુલાબોની પાંખડીઓમાંથી રઝળી પડેલા અનાથ અવકાશમાં,
ફળના ગર્ભમાં રહેલા કીટની નિઃસંગ બુભુક્ષાના અન્ધ કળણમાં;
ઘુવડે નસ્તર મૂકીને ફોડેલા રાત્રિના પુષ્ટ વ્રણના ઉષ્ણ દ્રવમાં;
હજાર ગરુડોની પ્રસારેલી પાંખોનાં ઊછળતાં મોજાંમાં
ક્ષિતિજના વલયની અશ્રુભંગુર ખંડિતતામાં,
આપણા ગૂંથાયેલા હાથ વચ્ચેથી ઘૂઘવતી નિર્જનતામાં,
મારા જ બે દૃષ્ટિક્ષેપ, વચ્ચેની અગાધ અપરિચિતતામાં;
વિસ્મૃતિના હળાહળને તળિયે ફુગાઈ ઊઠીને
હું તરી નીકળું છું.

જૂન: 1962

# છેદ મૂકો!

છેદ મૂકો!
મારી શિરાએ શિરાએ છેદ મૂકો.
સમયનો સંચિત રસ,
છેલ્લો વળાંક લેતા રાત્રિએ પૂર્વ તરફ જોઈને ખેરવેલાં આંસુનો રસ,
પ્રેમની મધુમય ક્ષણો બાષ્પીભૂત થઈ ગયા પછી
હૃદયને તળિયે બાઝી રહેલો તેજાબી રસ,
પુષ્પના અન્ધ નિ:શ્વાસનો અવકાશમાં ઝમ્યા કરતો રસ,
ઓસબિન્દુમાં માથું પટકીને મરી ગયેલા અનાથ સૂર્યોનો મરણરસ,
ચન્દ્રના દંશથી રાત્રિના પ્રહરોની કોથળીઓમાંથી ઠલવાયેલો વિષરસ,
કરોળિયાના ઈંડા જેવા મૌનની અંદર છુપાયેલો
વિશ્વભરને લપેટી લેતો ચીકણો જાળરસ,
શંખના કુહરમાં સંચિત સમુદ્રની સ્વગતોક્તિનો રસ,
ભમ્મરિયા કૂવાના વળ ખાતા બધિર અન્ધકારનો શ્રવણરસ,
નિર્જન કેડીના પ્રલમ્બ પાત્રમાં સંચિત થયેલો
ભુંસાયેલી પદપંક્તિનો સ્મરણરસ,
સ્મશાનમાં ફોસ્ફરસ અને હવાની રતિરમણાનો અગ્નિરસ,–
શિરાએ શિરાએ છેદ મૂકો,
ટીપે ટીપે નહીં
પ્રલયપૂરે વહાવી લો

સમયનો સંચિત રસ,
મારી શિરાએ શિરાએ સળકતો રસ.

જૂન: 1962

# તારી બે આંખોનો સૂર્ય

તારી બે આંખોનો સૂર્ય અને ચન્દ્ર જોડે ગુણાકાર કરું,
તારા કેશના અન્ધકારમાંથી અમાસની રાતની બાદબાકી કરું,
તારા ઝાંઝરના ઝણકારને મારા નિ:શ્વાસથી ભાગી નાખું,
એ ત્રણ રકમના સરવાળાનો તારા કટાક્ષથી છેદ ઉરાડું;
એનો જે શેષ વધે તેને તારી મોંફાડની મંજૂષામાં મૂકી દઉં;
પછી એને મારા બે હોઠથી વાસી દઉં.

ઓગસ્ટ: 1962

# શહેરની ગલીઓમાં

શહેરની ગલીઓમાં હલાલ થયેલાં પ્રકાશનાં ખોખાં,
ગટરની નાભિમાંથી ઘૂમરાતો અન્ધકાર,
વાસી ઉચ્છ્વાસના ઉકરડા નીચે હાંફતો મુમૂર્ષુ પવન,
આંગણે આંગણે ભટકીને ઠોકરાતો રગતપીતિયો સૂરજ,
દુ:સ્વપ્નમાં નાચતી ભૂતાવળ જેવાં વૃક્ષો,
અવકાશને કોરી ખાતા નિયોનકીડાઓ,
રંગલપેડા કરીને બેઠેલી આકાશવેશ્યા,
એની દૃષ્ટિની છાયામાં આપણે
– તૂટેલી કલાકશીશીમાંથી ફેંકાઈ ગયેલી રેતીના બે કણ
જેમાં ઝિલાઈને ઊગરી જઈએ તે ક્યાં છે ઈશ્વરની હથેળી?
એ ય ભીખ માગવા ઊભી છે ઠાકુરદ્વાર?

ઓગસ્ટ: 1962

# કદાચ હું કાલે નહીં હોઉં

કદાચ હું કાલે નહીં હોઉં
કાલે જો સૂરજ ઊગે તો કહેજો કે
મારી બિડાએલી આંખમાં
એક આંસુ સૂકવવું બાકી છે;
કાલે જો પવન વાય તો કહેજો કે
કિશોર વયમાં એક કન્યાના ચોરી લીધેલા સ્મિતનું પક્વ ફળ
હજી મારી ડાળ પરથી ખેરવવું બાકી છે;
કાલે જો સાગર છલકે તો કહેજો કે
મારા હૃદયમાં ખડક થઈ ગયેલા
કાળમીંઢ ઈશ્વરના ચૂરેચૂરા કરવા બાકી છે;
કાલે જો ચન્દ્ર ઊગે તો કહેજો કે
એને આંકડે ભેરવાઈને બહાર ભાગી છૂટવા
એક મત્સ્ય હજી મારામાં તરફડે છે;
કાલે જો અગ્નિ પ્રકટે તો કહેજો કે
મારા વિરહી પડછાયાની ચિતા
હજી પ્રકટાવવી બાકી છે.
કદાચ હું કાલે નહીં હોઉં.

ઓગસ્ટ: 1962

# કોઈ ઘૂંટે છે ગરલ

કોઈ ઘૂંટે છે ગરલ
ચન્દ્રના ખરલમાં.
લીલ બાઝેલી તળાવડી જેવી આંખોમાં
ઝમે છે લીલુંછમ ઝેર;
કટાક્ષની અણીએ વિષ કાઢે છે તીક્ષ્ણ ધાર;
આંગળીને ટેરવે ટેરવે ટપકે છે દાહક રસ;
અન્ધકારનાં સૂજેલાં પોપચાંની ભીતર વિષનો ધબકાર;
સૂર્યનો ઊકળતો વિષચરુ
પુષ્પોના મધુકોષમાં
શબ્દ અને મૌનના ભીંસાઈ ગયેલા શૂન્યમાં,
ટીપે ટીપે
ક્ષણોના ભંગુર પાત્રમાં
સ્રવે છે
વિષરસ.
હવાની લપકતી જીભ ચાટે છે વિષ,
જળના ગર્ભમાં વિષની પુષ્ટતા,
મોતીના મર્મમાં વિષની કાન્તિ,
કાળના મ્હૌઅરમાં વિષનો ફુત્કાર.
વિષથી તસતસ આપણે ફાટું ફાટું થતા બે બુદ્‌બુદ્‌.

કોઈ ઘૂંટે છે ગરલ
ચન્દ્રના ખરલમાં.

એપ્રિલ: 1963

# હું તને આપું છું એકાન્ત –

હું તને આપું છું એકાન્ત –
હાસ્યની ભીડ વચ્ચે એકાદ અટૂલું આંસુ,
શબ્દના કોલાહલ વચ્ચે એકાદ બિન્દુ મૌન,
જો તારે સંભરી રાખવું હોય તો
આ રહ્યું મારું એકાન્ત –
વિરહ જેવું વિશાળ
અન્ધકાર જેવું નીરન્ધ્ર
તારી ઉપેક્ષા જેવું ઊંડું
જેનો સાક્ષી નહીં સૂરજ,
નહીં ચાંદો;
એવું નર્યું એકાન્તનું ય એકાન્ત.
ના, ભડકીશ નહીં.
નથી સ્પર્શી એને મારી છાયા,
નથી એમાં સંગોપ્યું મેં મારું શૂન્ય,
જેટલું મારું એ એકાન્ત
તેટલું જ બે વૃક્ષોનું
તેટલું જ સમુદ્રનું
ને ઈશ્વરનું
આ એકાન્ત,

આપણા પ્રણયતણી નથી એ રમણભૂમિ,
વિરહની નથી એ વિહારભૂમિ,
નર્યું ભર્યું ભર્યું એકાન્ત,
હું તને આપું છું એકાન્ત.

એપ્રિલ: 1963

# આજે હું તારા અન્ધકાર સાથે બોલીશ

આજે હું તારા અન્ધકાર સાથે બોલીશ.
તારા હોઠની કૂણી કૂંપળ વચ્ચેનો આછો કૂણો અન્ધકાર,
તારા કેશકલાપનો કુટિલ સન્દિગ્ધ અન્ધકાર,
તારા ચિબુક પરના તલમાં અન્ધકારનું પૂર્ણવિરામ.
તારી શિરાઓના અરણ્યમાં લપાયેલા અન્ધકારને
હું કામોન્મત્ત શાર્દૂલની ગર્જનાથી પડકારીશ;
તારા હૃદયના અવાવરુ કૃપણ ઊંડાણમાં વસતા જરઠ અન્ધકારને
હું ઘુવડની આંખમાં મુક્ત કરી દઈશ;
તારી આંખમાં થીજી ગયેલા અન્ધકારને
હું મારા મૌનના ચકમક જોડે ઘસીને સળગાવી દઈશ;
વૃક્ષની શાખામાં ઓતપ્રોત અન્ધકારનો અન્વય
તારાં ચરણને શીખવીશ.
આજે હું અન્ધકાર થઈને તને ભેદીશ.

એપ્રિલ: 1963

# આ આપણા પ્રેમની વદાયનું મુહૂર્ત

આ આપણા પ્રેમની વદાયનું મુહૂર્ત.
જેને સાથે આવકાર્યો
તેનાથી છૂટાં પડતાં આપણે ય છૂટાં પડીશું?
ના.
પ્રેમ આપણાથી જશે દૂર દૂ...ર,
આપણે તો રહીશું એકબીજાની અડોઅડ
આપણી સાથે રહેશે એનું પ્રેત
અનિકેત.
આલંગિનનું પૂર્ણ વર્તુળ હવે ખણ્ડિત,
કાળ ઘૂઘવતો વહી જશે શિથિલ બન્ધવાળી
આંગળીઓનાં છિદ્રોમાંથી;
આંસુને ઝૂલે હિંચ્યા કરશે
કેવળ એનું પ્રેત.
શબ્દો તો બોલીશું
પણ તે મૌનનું પાતાળ પૂરવાને,
એકબીજાને સ્પર્શીશું
પ્રત્યેક સ્પર્શથી સ્પર્શની સ્મૃતિને ભૂંસી નાખવાને,
આંખમાં આંખ પરોવીશું,
દૃષ્ટિનો દૃષ્ટિથી છેદ ઉડાડી દેવાને,

સાથે મળીને કાળમત્સ્યના ઉદરમાં
પધરાવી દઈશું અભિજ્ઞાનની મુદ્રા.
કાળનાં બે પડ હવે જુદાં –
કયું તારું કયું મારું એનો કલહ હવે નહીં,
હૃદયના બે ધબકાર હવે જુદા –
કયો જીવનનો કયો મરણનો એની હવે પૃચ્છા નહીં.
ચરણોની દિશા એક
સ્મરણોની દિશા અનેક.
આ મુહૂર્ત પ્રેમની વદાયનું મુહૂર્ત
દિશાઓને કંઠે ડૂમો
હવાની આંખમાં ઝળઝળિયાં
સૂરજની સળગતી ચિતા
ચન્દ્રની ઊડતી રાખ
આ મુહૂર્ત પ્રેમની વદાયનું
પ્રત્યાખ્યાનનું મુહૂર્ત.

એપ્રિલ: 1963

# આ મધ્યાહ્ને

આ મધ્યાહ્ને
મારી છાયાને
છેતરીને
હમણાં જ હું ભાગી છૂટ્યો છું.
પણ નમતે પહોરે મારી છાયા
એની કાયા
લંબાવી લંબાવીને મને શોધશે.
ત્યારે આંસુ ખેરવીને ચાડી ખાશો નહિ.
હૃદયનો પથરો અન્ધકારના પાતાળમાં બીકના માર્યા
ગબડાવી દેશો નહિ.
બે નિસાસાના ચકમક અને ગજવેલ ઘસીને
તણખાની આંખે મને શોધશો નહિ.
કૂવામાં ઊગી નીકળેલા પીપળાના મૂળ જેવી આંગળીઓને
શૂન્ય ઉચ્છ્વાસનું ગળું ટૂંપવા ભીડશો નહિ.
શિરાઓની બોડમાંથી અગ્નિફણ ભરતી વાસનાઓને
મારી પાછળ દોડાવશો નહિ.
મારું પગેરું કાઢવાને
આંધળી સ્મૃતિઓને રઝળાવશો નહિ.
દુષ્કાળની નદીના રેતાળ પટ જેવા લલાટે

કંકુની ચણોઠી વાવશો નહિ.
બે આંખનાં ઝેરી પડીકાં ઘોળીઘોળીને
ચાંદાસૂરજને પીવડાવશો નહિ.
*
આ ચૈત્રની ચણચણતી બપોરે
તું તારા ઓરડામાં શાન્તિની સળ ગોઠવતી
બેઠી હોઈશ;
બહાર તળાવડીના કાચને સૂરજે મૂઠી મારીને
કચ્ચર કચ્ચર કરીને વેર્યો હશે,
નદીના ઘાટ પરના પથ્થર
શાપથી સળગતા મુખવાળા ઋષિઓની જેમ
ઊભા હશે;
કૂવામાંનો અન્ધકાર જીભ કાઢીને
જળના વક્ષ:સ્થળને ચાટતો હશે;
કાચીંડો કીડીના પડછાયાનું માપ કાઢતો
બેઠો હશે,
પવન દરમાંના નાગની મૂછને ફરકાવવાનો
વૃથા પ્રયત્ન કરતો હશે;
કેટલીય મીણની પૂતળીઓ, કોણ જાણે શા સારુ,
તપ કરીને અંગ ઓગાળતી હશે;
ત્યારે (તું ચમકી નહિ ઊઠે તો કહું)
હું તારા પાલવની છાયામાં જ પોઢ્યો હોઈશ.
*
કહે તો,
ક્યાં રહે છે મારી છાયા?
હે અસૂર્યમ્પશ્યા,
મારા છાયાસ્પર્શે હજી તને થાય છે રોમાંચ?
એને તારી કાજળરેખનું આશ્વાસન આપીને

તારી આંખના સૂના આકાશમાં રઝળાવીશ નહિ.
એને તારી પક્ષ્મોના છાયાતન્તુમાં
માછલીની જેમ તડફડાવીશ નહિ.
હિમયુગની ધ્રુવરાત્રિના અન્ધકારના સહોદર
તારા ગર્ભાશયના અન્ધકારમાં એને ઉછેરીશ નહિ.
તારા કાળા કેશના અગ્નિની વહ્નિફણાના ફુત્કારથી
એને ભડકાવીશ નહિ.
તારી છાયા સાથેના આલંગિનનું પ્રલોભન દઈ
એને ભ્રાન્તિમાં રાખીશ નહિ.
બાળકના ગાલે કરેલા વ્હાલના કાજળટપકામાં,
પ્રિયતમને પ્રથમ દૃષ્ટિએ ઘૂંટીઘૂંટીને જોતી આંખોની કાળાશમાં,
કોઈ વન્ય ફળની કાળવી મીઠાશમાં,
અથવા તો
અન્યમનસ્કા પત્રલેખાના હાથમાંની કલમમાંથી
ટપકતી સાહીના બિન્દુમાં
ક્રીડાતુર પ્રણયીઓએ બુઝાવી નાખેલા નિર્લજ્જ દીપની
નાસી છૂટતી ધૂમ્રરેખામાં
એને લપાઈ જવાનું નહિ કહે?
*
ના, હજી હું બહુ દૂર ગયો નથી.
તારા ઓરડાની બહારનો તડકો
હજી મને લેપી દે છે તારા ગાલ પર;
તારી આંખના એક નિમેષને બીજા નિમેષ સુધી જતાં
હજી જવું પડે છે મને ઠેકીને;
તારાં આંસુના ઘુમ્મટોને આધાર આપે છે
મારી પોલાદી વેદનાની કમાનો;
હજી તારી ઢીંગલીઓને અંગેથી તેં નથી ઉતારી લીધા
મારાં સ્વપ્નોનાં ચીંથરાંનાં રંગીન વાઘા;

હજી મારા નામના અક્ષરો વેરાયેલા પડ્યા છે
તેં જતનથી રચેલા ફૂલનાં ગુચ્છોમાં;
હજી તારા બે બાહુના ખણ્ડિત વર્તુળને
સાંધે છે મારી દૃષ્ટિરેખા;
હજી તારા સુવર્ણવલયમાં અનેક સૂર્યશિશુઓ સાથે
હું ય ખેલું છું સૂર્યશિશુ થઈને;
તારા અન્ધકારની અબનૂસ કાયા પર
સોનેરી છૂંદણાં ત્રોફું છું આગિયો થઈને;
તારી આંખનાં કાળાં ભમ્મર જળમાં
તરું છું ફોસ્ફરસની શિખા થઈને;
તારા ઉચ્છ્વાસે ઉચ્છ્વાસે ઓગળતો જાઉં છું
કપૂર થઈને;
તો ય હજી હું બહુ દૂર નથી ગયો.
*
હું જાણું છું;
પવનના હોઠ ચૂમીને તું મારા હોઠના સ્પર્શને
હજી શોધે છે;
તારો જ પડછાયો મારું રૂપ ધરીને
તને હજી ચમકાવી દે છે;
તારા જ ઉચ્છ્વાસમાં મારા ઉચ્છ્વાસનો સંકેત પામીને
તારી ગ્રીવાની રૂવાંટી ફરકી રહે છે.
તારા જ ચરણોના લયમાં મારા પદધ્વનિને
ગૂંચવી દઈને તું સ્તબ્ધ બની ઊભી રહી જાય છે.
મારા શબ્દો ભેગા વણાઈ ગયેલા તારા મૌનના તન્તુને
હજી તું ઊતરડી રહી છે.
તારા અન્ધકારને અંગે ન્હોર ભરીને એને
મારા અન્ધકારથી અળગો કરવા મથી રહી છે.
સાત સાગર ને સાત પર્વત પાર ઊડી ગયેલા મારા

મરણના પાંખાળા ઘોડાના ભણકારા તું કાન માંડીને
તારી નાડીમાં હજી સાંભળી રહી છે.
*
આપણે બંનેએ ભેગા મળીને રચેલું માયાવી જૂઠાણું
સૂરજ એના તેજાબી હાથે ઘસીને માંજી નાખે
તે પહેલાં એને મારા નામનો કાટ ચઢાવી દેજે.
બધિર પવન અને અન્ધ આકાશની સાક્ષીએ
કાઢેલો પ્રથમ પ્રણયોદ્ગાર
ફરી ફરી વસન્તે
કળીએ કળીએ
ખીલી ઊઠે તે પહેલાં
તારી ભડકે બળતી દૃષ્ટિની આંચથી એને સળગાવી દેજે.
છલનાના પાત્રમાંનું તારું એકાદ ચાંગળું સ્મિત
મારા મરણવૃક્ષની ડાળે ટહુકી ઊઠે
તો તારા મૌનનો પથ્થર ફેંકીને એને ઉડાડી મૂકજે.
હજી ય કદીક જો મારા સ્પર્શનું મહુવર બજી ઊઠે
તો તારી શિરાએ શિરાએ સૂતેલી સપિર્ણીઓને
હૃદયના ઊંડા અંધારા દરમાં પૂરી દેજે.
*
તું કયા સ્વર્ગની આશાએ
હજી સોમવારના વ્રતની કથા વાંચતી બેઠી છે?
અહીં આવીને મેં જોયું છે:
ઘરડો સૂરજ એની પાંપણ પણ પલકાવી શકતો નથી,
એની આંખોને ઘડીભર બંધ કરવા એ વિનવી રહ્યો છે.
ચન્દ્રને તો અવળે ગધેડે બેસાડીને
મોઢું કાળું કરીને
ક્યારનો ય દેશવટો દઈ દીધો છે.
આકાશનું પોલું ઢોલ બહેરો પવન વગાડ્યા કરે છે,

ભગવાન સિંહાસન પરથી ઊઠીને ક્યારના ય જતા રહ્યા છે
તેની એને ખબર નથી!
અગ્નિ સદા જીભ પટપટાવીને ખુશામત કરે છે.
શા માટે તેની ય એને સુધ નથી.
સદાના આંધળાની બંધિયાર દૃષ્ટિ જેવું આ જળ
ભક્તિભાવે કોઈકનાં ચરણ પખાળી રહ્યું છે
એવી ભ્રાન્તિમાં શીતળ છે.
વૃદ્ધાની યોનિ જેવો આ અન્ધકાર
કોઈ રહસ્યમાં પ્રવેશવાનું સિંહદ્વાર નથી.
*
કટાઈ ગયેલા સિક્કાની જેમ મેં ફગાવી દીધેલો સમય
હવે તું આંસુથી ધોવા બેઠી છે?
પથ્થરની ગુપ્ત શિરાઓમાં ગુંજતા મારા લોહીને
તું હજી તારા સ્પર્શથી છંછેડશે?
દર્પણને સોંપેલા મારા પારદર્શી શૂન્ય પર
તું તારા પ્રતિબિમ્બનો પહેરો ગોઠવશે?
તારા શહેરનાં પૂતળાંઓ વચ્ચે વહેંચી આપેલી
મારી અમરતા
તું તારા અસ્થિમાં કંડારી લેશે?
ઉડાઉ પવનને ખેરાત કરેલી મારી હયાતી
તું તારા માદળિયામાં સંભરી લેશે?
મારા મરણના પરિપક્વ ફળને ય તું
તારા દન્તદંશથી કોરી નાખવાની હામ ભીડશે?
*
સમ્ભવ છે કે મારા એકાન્તનો એક છેડો
હજી તારા આંસુના કિનારાને અડીને પડ્યો હોય;
મારા શબ્દનો પાછો નહિ વળી શકેલો એકાદ પડઘો
તારા મૌન સાથે માથું પટકતો હોય;

તેં સ્વેચ્છાએ વિખેરેલી મારા હાસ્યની એકાદ પાંખડી
હજી તારા હોઠને વળગી રહી હોય;
મારા નામની એકાદ ખરવી બાકી રહેલી કાંકરી
હજી તારી આંખમાં ખૂંચતી હોય;
તારી સ્મૃતિના રેતાળ રણમાં
હજી મારી એકાદ પગલી ભૂંસવી બાકી રહી ગઈ હોય;
મૃત્યુના સહસ્રછિદ્ર પાત્રમાંથી પડી ગયેલી
મારી એકાદ ક્ષણની
હજી તને ઠોકર વાગતી હોય.

હવે
હું તારા સ્વપ્નના મહાલયમાં બાદશાહી ઠાઠથી રહું છું.
તારા શ્વાસની વીથિકાઓમાં હું લટાર મારવા નીકળું છું.
મૃગજળના સાગરનાં મોતી
ને પ્રવાલદ્વીપની રાજકન્યાના અધર પરનું સ્મિત
તને નજરાણામાં ધરું છું.
મહાનગરોની નિર્જનતાને તારા પ્રશસ્ત લલાટ પર
રઝળતી મૂકું છું.
બે શબ્દો વચ્ચેના અન્ધકારને
તારા ગાલ પરના તલમાં ઠાંસીને ભરું છું.
ખંડિયેર વચ્ચે ફરતા સાપની જેમ
હું તારી શિરાએ શિરાએ ફરું છું.
તારાં તૂટેલાં સ્વપ્નોનાં અડાબીડ અરણ્યમાં
હું હિંસક પશુની જેમ લપાઈને રહું છું.
મારા મરણના અગ્નિવસ્ત્રથી
તારી લજ્જા ઢાંકતો રહું છું.

માર્ચ: 1964

# જાગીને જોઉં તો

જાગીને જોઉં તો મારામાં ખીલી ઊઠ્યું છે ઇન્દ્રધનુષ
આંખોમાં પરીઓની જાંબુડી પાંખો
માથું ગળીનો પહાડ
હોઠ પર અદૃષ્ટનું ભૂરું ચુમ્બન
પગ લીલા લીલા
તળાવને તળિયેની શેવાળ
લોહીમાં સંતાયો છે કોઈકનો પીળો પડછાયો
ગાલ નારંગીની ત્વચા
શ્વાસે શ્વાસે ઝૂલે હિંડોળો હિંગળોક!

જાન્યુઆરી: 1967

# ઓરડામાં દાખલ થતાંવેંત

ઓરડામાં દાખલ થતાંવેંત
ભાંગું છું શાન્તિનાં હાડ
દર્પણની છાતીમાં હુલાવી દઉં છું
મારા પ્રતિબિમ્બની અણી
ઊડાઊડ કરી મૂકતાં ક્ષણનાં પતંગિયાઓને
વીંધું છું નાડીના તીક્ષ્ણ ધબકારે
દીવાલ સાથે ચપટા બનીને ચોંટેલા અન્ધકારને
ચોટલી બાંધીને ટંગાડી દઉં છું વળીએ
ત્યાં ચોર પગલે પ્રવેશે છે ચન્દ્રનું ખડી રંગનું પ્રેત
એને પડકારીને શરૂ કરી દઉં છું દ્વન્દ્વ યુદ્ધ.

જાન્યુઆરી: 1967

# આંખોને તે આવતી હશે પાંખ?

આંખોને તે આવતી હશે પાંખ?
તો ય એક દિન ઊડી ગઈ મારી આંખ
શોધી જળમાં શોધી થળમાં
ક્યાં ગઈ હશે એ આ ભૂતળમાં
આખર એણે કર્યો ઇશારો
હબકી જ ગયો હું તો ભયનો માર્યો
વન, અરે ભાઈ, અમાવાસ્યાનું વન
પડછાયાઓનું બેઠું ધણ
કોઈ ભૂવો વગાડે ડાકલી
મારી તો ધ્રૂજી ઊઠી પાંસળી
ઊભું'તું એક જંગી ટોટેમ
ને ત્યાં મેં જોઈ હેમખેમ
મારી આંખ

નીચે વધેર્યા બલિની ધારા
લબડતી જીભોના ચીચિયારા
આંખ મારી બની ગઈ બે હોઠ
લોહી પીને બની હિંગળોક
સળગી ઊઠી કૈંક મશાલ

પ્રેતો નાચે ડાળેડાળ
લોહીની મશક લઈ ચાલે પખાલી
ને એમ આખી એ વણઝાર ચાલી
ચાલ્યા કરી એ આખી રાત
ન જાણ્યું ક્યારે થયું પ્રભાત
આંખે હજીયે લોહીની ટશર
ટોટેમ ક્યાં તે તો કોને ખબર!

જાન્યુઆરીઃ 1967

# ઓ રે ભાઈ કવિ

ઓ રે ભાઈ કવિ,
જાણું છું કે નથી ઠેકાણે તારો મિજાજ,
પણ મારી એક બે વાત તો સાંભળ:
સૂરજની બખોલમાં બાંધેલો ઘુવડનો માળો
ભલે હવે વીંખી નાખ
ને એની ઓથે સંતાડેલી કૃષ્ણની વાંસળી
કોઈક ભાવિક કવિજન માગતું હોય તો આપી દે.
પેલી ગરોળી પાછી માગે છે એની તૂટેલી પૂંછડી
એનો ઉપયોગ પૂરો થયો હોય તો પાછી વાળ
વડીલ કવિની શ્રદ્ધાની ધોળી બકરી
હલાલ કરવી છોડી દે
ચન્દ્રનો કાટ ખાઈ ગયેલો સિક્કો
ખિસ્સામાં શા લોભથી સંતાડી રાખ્યો છે?
ફગાવી દે એને આકાશમાં
ને ઈશ્વરના ખોળિયાને શા માટે રાખી મૂક્યું છે ઇસ્ત્રીબંધ
તારા વોર્ડરોબમાં?
એ બિચારો થથરતો ઊભો છે બહાર
હવે સૂર્યગ્રહણ થાય ત્યારે
એનું જ કરી દે ને એને દાન

ઓ રે ભાઈ કવિ,
આટલું જો તું કરે
મારે ખાતર જરાક હસે તો –
માગ માગ જે માગે તે આપું
અરે, આપી દઉં સાવ તાજાં બસો-અઢીસો હાઇકુ!

મે: 1968

# એકદન્ત રાક્ષસનાં ખુલ્લાં જડબાં જેવું આ ઘર

એકદન્ત રાક્ષસનાં ખુલ્લાં જડબાં જેવું આ ઘર
મગરબરછટ એની સિમેન્ટત્વચા
દાખલ થતાં જ હીંચકો
ચીંચવાતો કચવાતો ડાકણ ડચકારો
ઝૂલે એના પર હવાનું પ્રેત.
પછી આવે દીવાનખાનું
ભીંત પર ફોટા
પીળા પડી ગયેલા ભૂતકાળનાં ચાઠાં
આ શયનગૃહની અન્ધ ખંધી બારી
જોતી ગુહ્ય આદિમ સ્વપ્ન
એની પાસેથી ચાલી જાય છે
વીજળીના તારની સીધી નૈતિક રેખાઓ.
પણે ગોખલો
એમાં બેચાર દેવનો સરવાળો
ઘીનો દીવો –
ધર્મનું આશ્ચર્યચિહ્ન!
ડાલડાના ડબ્બામાં ઉછેરેલાં તુલસી
ખૂણાઓના શ્યામ સાથેના વિવાહના કોડભર્યા અન્ધકાર
ટ્રેજેડીના નાયકની અદાથી કર્યા કરે છે આત્મસંલાપ.

માળિયામાં આપઘાત કરવાનું ગમ્ભીરપણે વિચારતો બેઠેલો ઉંદર
માળિયામાંથી દેખાતું મેલું મરિયલ આકાશ
કદીક એકાદ તારો,
એની પછી જ હશે ને સ્વર્ગ?

મે: 1968

# મૃણાલ, મૃણાલ

મૃણાલ, મૃણાલ
તું સાંભળે છે?
અત્યારે તું બેઠી હશે તારા પરિવાર વચ્ચે
સુરક્ષિત
આજ્ઞાંકિત ઘડિયાળનો નિયમિત ટીકટીક્ અવાજ
ચાર દીવાલનો પહેરો
સોફાનો પોચો પોચો ખોળો
બિહામણી છાયાઓને ભગાડી મૂકતી ફ્લોરેસન્ટ લાઇટ
ને છતાં મૃણાલ,
વર્ષોનાં જામેલાં થર ઊડી જાય છે એક ફૂંકે
ગાઢું જંગલ ઘેરી વળે છે દીવાલોને
રાતી ઇંટને ઢાંકે છે લીલ
એને ફાડીને ઊગી નીકળ્યા છે પીપળા
અધી તૂટેલો ઝરૂખો
જેમાં હજી બેઠી છે નિષ્પલક પ્રતીક્ષા
એની પાસે ટોળે વળીને બેઠા છે કેટલા ય કજળી ગયેલા સૂરજ
નીચેની તળાવડીમાં ક્યાંક તરે છે કોઈકનું મસ્તક
પાસે થઈને ચાલી જાય છે સીડી
કોઈ ચઢે છે ને ઊતરે છે

રૂમઝૂમ રૂમઝૂમ
ને પેલી બારી
હજુ એમાં જડાયું છે તારું મુખ
તારી આંખ પાંખો ફફડાવીને ઊડું ઊડું કરે છે
નીચે સર્પ-યુગલનું મૈથુન
એના સિસકારાના બોદા પડઘા
ઢંઢોળે છે વાવના અન્ધ જળને
બહેરો સમય વટવાગોળની જેમ લટકે છે અહીં
મૃણાલ, મૃણાલ
સાંભળે છે તું?
મારો અવાજ
થોરને કાંટો ફૂટે તેમ એ ફૂટે છે મારે કણ્ઠે
મોટા શહેરના મધરાત વેળાના નિર્જન ચોકનું
કણસતું મૌન
શહેરને ખૂણે ખૂણે દૃઢ આસને બેઠેલાં પૂતળાંઓને
વીંટળાઈ વળેલી નિઃસંગતા
બારાખડીના ખોડા વ્યંજનોની જેમ અથડાતા આ લોકો
સિગારેટના ધોળા કાગળનાં પાંદડાંવાળું ઝાડ
એના પર ચાવી આપેલા એલાર્મ ક્લોકનાં પંખી
એની છાયામાં બે ખોટા સિક્કા જેવા સરખા પ્રેમી
થિયેટરોની નિયોન લાઇટનો કામુક ઘોંઘાટ
ગંદી અફવાની જેમ પ્રસરતો પવન
વારાંગનાના મેલા દર્પણ જેવી નદી
જાહેરખબરના પોસ્ટર જેવું ચોંટાડેલું આકાશ
સાત લંગડા ઘોડાને શોધતો સૂરજ
ભૂવાની ડાકલીના ફિક્કા પડઘા જેવો ચન્દ્ર
મૃણાલ, મૃણાલ
આ બધામાં ક્યાં છે તું?

સાંભળે છે મારો અવાજ?
પથ્થરના હૃદયમાં રહેલા ઉલ્કાના સ્મરણ જેવો
વનમાં લાગેલા દવથી ભડકેલા વાઘની આંખના તણખાથી ત્રોફાયેલો
તારાં આંસુના તેજાબથી કોતરાયેલો
કબ્રસ્તાનના ધોળા ધૂપધોયા વિષાદભીનો
જળમાં સળકતા કશાક આદિમ સ્પર્શના નિ:શ્વાસ જેવો
ખંડિયેરમાં અથડાતા જરઠ બોખા કાળ જેવો ઠાલો
દરમાં સરી જતા શાપ જેવો નિ:શબ્દ
મૃણાલ, સાંભળે છે તું મારો અવાજ?
તારાં વાચાળ કંકણ
બે આંખોનો સદા ચાલ્યા કરતો ચટુલ સંવાદ
શ્વાસોનું વૃન્દગાન
આંગળીઓનાં ઇંગિત
ધૂર્ત હૃદયની રહસ્યકથા
ઘરમાં ફરતા પડછાયાનો ઘોંઘાટ –
મૃણાલ, મૃણાલ
તું શી રીતે સાંભળશે મારો અવાજ?
મૃણાલ, તું કોણ, હું કોણ?
મારા જખમને ટેકે ઊભી છે રાત
તારા શ્વાસે ખીલે છે સ્વર્ગનાં પારિજાત
હું દેશવટો ભોગવું છું આંસુના બિલોરી મહેલમાં
તારા સ્મિતનું પાનેતર લહેરાય છે હવામાં.
ઉર્વશીના નૃત્યભંગનો લય બહેલાવી મૂકે છે તારાં ચરણ,
કરોળિયાની જાળમાં ઝિલાયેલા ઝાકળની આંખે
તાકી રહ્યું છે મારું મરણ.
મૃણાલ, પૂછું એક વાત?
તારી આંખોના અંધારિયા ભોંયરામાં
કોણ લટકે છે ઊંધે મસ્તકે?

તારી શિરાઓની ભુલભુલામણીમાં
કોણ સળગે છે જામગરીની જેમ? તારા સ્પર્શના અડાબીડવનમાં
કેટલા તેં સંતાડ્યા છે મણિધર નાગ?
તારી કાયાના આ સાગરમાં
કોના ડુબાડ્યા તેં કાફલા સાતેસાત?
તારા શ્વાસના ખરલમાં
કોણ ઘૂંટી રહ્યું છે ગરલ?
મૃણાલ, મૃણાલ
સાંભળે છે તું?
તને મેં જોઈ હતી એક વાર
લીલીછમ તળાવડી
ને લીલો લીલો ચાંદો
લીલી તારી કાયા
ને લીલો એનો ડંખ
લાલ ચટ્ટક ઘા મારો
ને ભર્યું એમાં લાલ ચટ્ટક મધ
એને ચાખે લાલ લાલ કીડીઓની હાર
એની સંખ્યા ગણતી બેઠી ભૂવાની જમાત
મારી આંખે લીલો પડદો
ઢળે લીલો ચારે કોર અંધાર.
મૃણાલ, જો ને –
ચારે બાજુ ઊડી રહ્યા પવનના લીરા
કૂવાના ચોર-ખિસ્સામાં થોડા સૂરજના ટુકડા
શહેરના બાગમાં ફૂલોની શિસ્તબદ્ધ કવાયત
પાનની દુકાનના અરીસાઓની ચાલે મસલત
પૂલ નીચે સૂકી નદી વાગોળે મરણ
રસ્તે રસ્તે તગતગે આસ્ફાલ્ટનાં રણ
ચુંથાયેલા રેશનકાર્ડ જેવા બધે ચહેરા

ફરીશું શું અહીં કહે સપ્તપદી ફેરા?
મૃણાલ,
હું જાણું છું;
ઢીંગલીઓનો પહેરો ગોઠવીને
તું સાચવી રહી છે તારું શમણું
ચન્દન તળાવડીને કાંઠે છે એક મહેલ
રૂમઝૂમ એમાં નાચે પરીઓ
પવન વગાડે પાવો
એ મહેલમાં એક ઝૂલો
એના પર તું કદી એકલી એકલી ઝૂલે
કદીક તારી આંખો ઊડી જાય દૂર દૂર
તારા કાન સરવા થઈને સાંભળે
રજનીગન્ધાની સુગન્ધ જાણે હમણાં લાવશે સંદેશો
હમણાં પૂરપાટ દોડ્યો આવશે રાજકુમાર
ઊંચા ઊંચા મહેલની ઊંચી અટારીએ
તું મીટ માંડીને જોઈ રહે
એક રાત જાય, બીજી રાત જાય
કોઈ આવે નહિ
પરીઓ થાકીને બની જાય ઝાકળ
સૂરજ કરી જાય એમનું હરણ
ઢીંગલીઓનાં ચીંથરાં તાણી જાય ઉંદર
ચન્દન તળાવડીનાં નીર સુકાય
મહેલના બને ખંડેર
અસવાર વગરનો અશ્વ દોડ્યા કરે દશે દિશા
તારા શ્વાસમાં ગાજે એના પડછંદા
એ સાંભળી તું બેસી રહે
કહે તો મૃણાલ, આમ કેટલા વીત્યા યુગ?
સોનાવાટકડીમાં શેઢકડાં દૂધ પડી રહે

રૂપલાવાટકડીમાં ચન્દન સુકાય
સૂરજ થાકે ને થાકે ચાંદો
તારી આંખો ના તો યે પલકાય
પણ મૃણાલ,
મહેલને મિનારે બેઠું છે એક પંખી
કાળું કાળું ને મોટુંમસ
લાલ એની ચાંચ
આંખો એની જાણે અગ્નિની આંચ
ઊડી જશે એ લઈને તને
ભાગી આવ, ભાગી આવ.
મૃણાલ, ભાગી આવ.
મૃણાલ, શું કરીશ તું?
રોજ સવારે અખબારના અક્ષરો ઘૂંટેલી ચા પીશે
પછી નાના બાબલાનું બાળમંદિર
મોટી બેબીની સ્કૂલ-બસ
પછી પતિદેવના શર્ટની કફલિન્કની શોધાશોધ
ઝરૂખામાં ઊભા રહી 'આવજો, આવજો!'
ભોજન, આરામ, રેડિયો પર દાદરા-ઠુંમરી
ટેલિફોનની રણકે ઘંટડી
'વારુ જરૂર, બરાબર છ વાગે'
વાળ હોળતાં નજરે ચઢશે બે ધોળા વાળ
તરત તોડીને ફેંકી દેશે
એમ્બેસેડર કાર
દોડે પૂરપાટ
ચારે બાજુ ઝળાંહળાં
'કેમ છો?' 'હાઉ સ્વીટ યુ આર'
બોદું હાસ્ય શરાબભીના અવાજ
બજારના ભાવતાલ, સાડી ને ઝવેરાત

ધીમે ધીમે થાય મધરાત
પછી વફાદાર
પત્નીનો પાઠ
થોડાં સ્વપ્નાંનો ભંગાર
વળી પાછી સવાર
ક્યારેક વળી આવે ચઢે તાર
બિઝનેસનો મામલો, ડિયર, સમજી જાને –
કદીક તો રહેવું પડે બેચાર દિવસ બહાર.
મૃણાલ, મૃણાલ મારી સોનાની મૂરત
આ તે શા તુજ હાલ!
મૃણાલ, તું તો જાણે છે બધું
તો પછી મન્ત્ર મારીને મને કરી દે પથ્થર
અથવા ફૂંક મારીને કરી દેને અલોપ
અથવા ચાંપી દેને કોઈ પાતાળમાં
લાળ ઝરતે મોઢે ઘરડું મરણ
ભટકે છે બારણે બારણે
પૂછે છે મારું નામ.
મૃણાલ, હું છું અહીં
શહેરના ટોળામાં ભૂંસતો ફરું છું મારો ચહેરો
દવાની દુકાને વાંચું છું દવાનાં નામ
કે પછી મ્યુઝિયમમાં વાંચું છું જૂનાં તામ્રપત્ર
પ્રાણીબાગમાં અજગરને જોયા કરું છું કલાકના કલાક
બસમાં બેસી શહેરનાં ગણું છું મકાન
હોસ્પિટલમાં મરનાર દર્દી પાસે બોલું છું રામનામ
સરઘસમાં જોડાઈને ગજાવું છું નારો
કોઈક વાર ભાષણ આપવાનો મારો ય આવે છે વારો
આંધળી શેરીને વાંચી આપું સૂરજ
કોઈક વાર ફૂટપાથ પર બેસીને જોઈ આપું નસીબ

જાદુગરના ખેલમાં કદીક લઉં છું નાનો પાઠ
સ્ટેશને બેસીને જોઉં દુનિયાનો ઠાઠ
કોઈક વાર આવે તાવ તો એની નથી કરતો રાવ
આમ તો છું મારા જેવો જ
પણ કોઈક વાર લાગે જુદું
શ્વાસની અમરાઈઓમાં ટહુકી ઊઠે કોકિલ
મસ્તકમાં ઠલવાય હજાર અરેબિયન નાઇટ્સ
હાથ લંબાઈને પહોંચે ત્રેતાયુગમાં
ચરણ બની જાય બેદુઇન આરબ
તેથી તો કહું છું મૃણાલ,
ઘેરી લેને મને તું બનીને ક્ષિતિજ
મૃણાલ, નંદિરથી બીડેલાં તારાં પોપચાંમાં
ઢળી જાઉં બની હુંય નંદિરનું એક બિન્દુ.

મે: 1968